| GJRJ070004332024 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૨/૦૩/૨૦૨૪ |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૪ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૫/૦૩/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૨ ૦૧ ૧૩ |

**મહે.ઉપલેટાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, સાહેબની કોર્ટમાં, જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નંબરઃ–૩૦૦/૨૦૨૪.**

**આંકઃ–૩૩**

**ફરિયાદીઃ–** રફીકભાઈ મુસાભાઈ સમા,
રહે.મેઈન બજાર, મસ્જીદ પાસે, બોરડી, જિ.પોરબંદર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** અફઝલ અબ્બાસભાઈ શેખ,
રહે.જુની પોસ્ટ ઓફીસ ચોક, ઠાકર ચાની બાજુમાં,
અમન રોડ લાઈન્સ, ધોરાજી, જિ. રાજકોટ.

**ગુનોઃ–** નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ.

---

ફરિયાદપક્ષે વિદ્વાન વકીલશ્રી એ.એમ.મકરાણી.
આરોપીપક્ષે વિદ્વાન વકીલશ્રી પી.જી.મેઘાણી.

---

## //ચુકાદો//

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી પાસે તેઓની માલિકી અને કબજા ભોગવટાનો અશોક લેલન કંપનીનો ટ્રક જેનુ મોડેલ ૩૭૧૮ બીએસ–૫ જેના રજી.નં.જીજે–૩૬–ટી–૯૮૮૨ આવેલ હતુ. જે ફરિયાદીને વેચવાનુ

હોય અને આ કામના આરોપીને ખરીદ કરવાનુ હોય જેથી ફરિયાદીની માલિકીનો સદરહુ ટ્રક આ કામના આરોપી જોવા માટે આવેલા અને તેઓને પસંદ આવેલ જેથી ફરિયાદીએ આ કામના આરોપીને સદરહુ ટ્રકનુ વેચવાનુ નક્કી કરેલ. ઉપરોકત ટ્રક જીજે–૩૬–ટી–૯૮૮૨ ફરિયાદી અને આરોપી વચ્ચે કુલ રૂ.૨૨,૦૦,૦૦૦/– પુરામાં વેચાણ અંગેનુ નકકી થયેલ. પરંતુ સદરહુ ટ્રક ફરિયાદીએ લોનથી ખરીદ કરેલ હોય જેથી તેમાં ટાટા મોટર્સ ફાઇનાન્સ લી. કંપનીની રૂ.૧૬,૭૬,૫૨૦/– ની લોન બાકી હતી જે લોન આ કામના આરોપીએ કલીયર કરી અને બાકી રહેતી રકમ રૂ.૫,૨૩,૪૮૦/– ની રકમ આરોપીએ ફરિયાદીએ ચુકવવાની હતી જે રકમ પૈકી આરોપીએ ફરિયાદીને રૂ.૧,૮૫,૦૦૦/– રોકડા ચુકવવાના હતા જે રકમ પણ આરોપીએ થોડા દિવસમાં ચુકવી આપશુ તેવુ જણાવેલ હતુ પરંતુ આજદિન સુધી ચુકવેલ નથી અને રકમ રૂ.૩,૩૮,૪૮૦/– નો આરોપીએ ફરિયાદીને એકસીસ બેન્ક, ધોરાજી શાખાના તેના ખાતા નં.૯૨૨૦૧૦૦૧૦૫૯૪૧૫૫ નો ચેક નં.૧૭૦૭૦૦ નો તા.૦૪/૦૧/૨૦૨૪ નો લખી અને સહી કરી આપેલ હતો. સદરહુ ચેક આપતી વખતે આરોપીએ ફરિયાદીને એવો વચન અને વિશ્વાસ આપેલ કે સદરહુ ચેક તમારા ખાતામાં વસુલ લેવા જમા કરાવશો એટલે તમોને તમારી કાયદેસરની લેણી રકમ મળી જશે. આ કામના આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સ્વીકાર કરેલ. આરોપીએ આપેલ ચેક નં.૧૭૦૭૦૦ નો ફરિયાદીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ઉપલેટા ટાવર રોડ શાખામાં તેઓના બેંક ખાતા નં.૦૦૦૦૦૦૩૧૧૨૨૦૨૯૪૨૮૭ માં તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદરહુ ચેક તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદરહુ ચેક તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ "અલ્ટ્રેશન રીકવાયર્ડ ડ્રોઅર્સ ઓથેન્ટીકેશન" ના શેરા સાથે પરત ફરેલ. આરોપીએ ફરિયાદીને લખી આપેલ ચેક "અલ્ટ્રેશન રીકવાયર્ડ ડ્રોઅર્સ"ના શેરા સાથે તેવા કારણોસર રીટર્ન થયેલ હોય જે બાબતે ફરિયાદીએ તેઓના વકીલ મારફત આ કામના આરોપીને

તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજ ચેક મુજબની રકમ ભરપાઈ કરી આપવા બાબતે લીગલ ડિમાન્ડ નોટિસ ઈસ્યુ કરેલ હોય, જે ડિમાન્ડ નોટિસ આરોપીને તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતા સમય મર્યાદામાં ચેક મુજબની રકમ આરોપીએ ચુકવેલ ના હોય, જેથી આ કામના આરોપીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે ગુનો કરેલ છે.

ઉપરોક્ત ફરિયાદ લાવી ફરિયાદીએ અરજ કરેલ છે કે,

૧. સદર કામના આરોપી વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ ગુનાનું કોગ્નીજન્સ લઈ, પ્રોસેસ ઈસ્યુ કરી, કેસ ચલાવી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં કસુરવાર ઠેરવી સખત સજા કરવા અરજ કરેલ છે.

૨. સદર કામના આરોપી પાસેથી ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૩૫૭ મુજબ ફરિયાદીને ચેકની રકમનું બમણું વળતર અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

૩. સદર કામે યોગ્ય લાગે તે દાદ આપવા અરજ કરેલ છે.

(૨) ફરિયાદીની હાલની ફરિયાદ દાખલ થતાં ફરિયાદીનું વેરિફિકેશન લઈ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૨ મુજબ ફરિયાદ રજિસ્ટરે લેવાનો પણ આદેશ કરેલ છે.

(૩) ત્યારબાદ આરોપીને સમન્સ બજતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ મુજબ ફરિયાદ અને તેની સાથેના પેપર્સની નકલો પુરી પાડયા બાદ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૧ મુજબ આંક–૮ થી પ્લી લીધેલ અને આરોપીએ ગુનાનો ઈનકાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

<u>મૌખિક પુરાવાઓ.</u>

| ક્રમ | વિગત | આંક |
| --- | --- | --- |

| | | |
|---|---|---|
| ૧. | ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું. | ૦૫ |

<u>દસ્તાવેજી પુરાવાઓ</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | એકસીસ બેન્ક, ધોરાજી શાખાનો ચેક નં.૧૭૦૭૦૦ | ૯ |
| ૨. | રીટર્ન મેમો | ૧૦ |
| ૩. | ડિમાન્ડ નોટિસ. | ૧૧ |
| ૪. | રજિસ્ટ્રર એ.ડી. રિસિપ્ટ. | ૧૨ |
| ૫. | નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૧૩ |
| ૬. | પોસ્ટ ખાતાનુ ઓનલાઇન ટ્રેક કન્સાઇન્ટમેન્ટ | ૧૪ |

અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપીની પ્લી રેકર્ડ થયા બાદ આરોપીપક્ષને પુરતો સમય અને તક આપવા છતાં આરોપીપક્ષ દ્વારા ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ ન હોય તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ આંક-૨૯ હેઠળના હુકમ અન્વયે આરોપીપક્ષનો ફરિયાદીની ઉલટ તપાસ કરવાનુ સ્ટેજ બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક-૩૦ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ થયેલ છે.

(૪.૧) સદરહુ કામે આરોપીપક્ષ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ નથી.

(૫) ત્યારબાદ આ કામના આરોપીને વારંવાર વોરન્ટ ઈસ્યુ કરવા છતાં વોરન્ટની અમલવારી ન થયેલ હોય તથા આરોપી હાજર રહેતાં ન હોય, ફરિયાદપક્ષ તરફે આંક-૩૧ થી ફરિયાદીનો એફ.એસ.(વિશેષ નિવેદન)નો હક્ક બંધ કરવા અંગેની અરજી રજૂ થયેલ જે અરજી અત્રેની કોર્ટ દ્વારા તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મંજૂર કરવામાં આવેલ અને આરોપીપક્ષનો એફ.એસ.(વિશેષ નિવેદન)નો હક્ક બંધ કરવામાં આવેલ છે. જેથી આ કામે આરોપીનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ ફરિયાદીના વિદ્ધાન વકિલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ. બાદ આ કામના આરોપી દલીલના સ્ટેજ પર હાજર રહેલ ન હોય કે તેઓ તરફે રિપોર્ટ કે રજુઆત ન હોય આંક–૩૨ થી આરોપીનો દલીલનો હક્ક બંધ કરવા અંગેની અરજી રજૂ થયેલ જે અરજી અત્રેની કોર્ટ દ્વારા તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ મંજૂર કરવામાં આવેલ અને આરોપીપક્ષનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને લખી આપેલ એકસીસ બેન્ક ધોરાજી શાખાના આરોપીના ખાતાનો ચેક જેના ચેક નં.૧૭૦૭૦૦ તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ રૂા.૩,૩૮,૪૮૦/– (અંકે ત્રણ લાખ આડત્રીસ હજાર ચારસો એંસી)નો ચેક વટાવવા માટે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ઉપલેટા શાખામાં તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ વટાવવા માટે નાખતા જે ચેક કલિયરીંગમાં જતાં આરોપીના ખાતા "અલ્ટ્રેશન રીકવાયર્ડ ડ્રોઅર્સ ઓથેન્ટીકેશન" ના શેરા સાથે તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ વગર વસુલાતે પરત ફરેલ. જે ચેક પરત થયાની જાણ ફરિયાદીને ચેક રિર્ટન મેમા સાથે જાણ થયેલ. જેથી ફરિયાદીએ આરોપીને તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજ રજિસ્ટર એ.ડી.થી ચેકમાં લખેલ રકમની માંગણી કરતી નોટિસ આપેલ જે નોટીસ આરોપીને તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ બજી ગયેલ તેમ છતાં આજદિન સુધી આ કામના આરોપીએ ફરિયાદીની લેણી રકમ ચુકવેલ ન આપી, આરોપીએ જેથી આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

<u>//કારણો//</u>

**<u>મુદ્દા નં.૧, ૨:-</u>**

(૧૦) નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ના આવશ્યક તત્વો તથા કલમ- ૧૧૮ તથા કલમ-૧૩૯ નું પ્રિઝશન:-

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ની કલમ ૧૩૮ ની કલમ:-

ખાતામાં ``અપુરતા ભંડોળ`` વગેરેને કારણે ચેકનો અસ્વીકાર સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યક્તિ પોતે નિભાવતી હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજા વ્યક્તિને નાણાંની ચુકવણી કરવા માટે બેંન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંન્ક એ પરત કરે, કારણ કે, એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંન્ક સાથે સમજુતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ન આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ, એમ ઠરાવવામાં આવ્યું છે કે,

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તો તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેંન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક પણચુકવ્યો પરત આવ્યાની બેંન્ક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસોની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી અને

(સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તો ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટિસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહિ ત્યાં સુધી કલમમાનું કશું જ લાગું પડશે નહિ.

**<u>સ્પષ્ટીકરણઃ–</u>**

આ કલમના હેતુ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ની કલમ–૧૪૨:–</u>

<u>ગુનાની નોંધ લેવા બાબતે:–</u>

સનેઃ–૧૯૭૩( ઓફ ૧૯૭૪) ભારતીય ફોજદારી ધારામાં ગમે તે સમાવેશ હોય તેમ હતાં.

(૧) ચેકની ધારકર્તાની તરફેણમાં ચુકવણી થાય છે તેવી વ્યક્તિની લેખીત ફરીયાદ વગર આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજા પાત્ર ગુનાને કોર્ટ ધ્યાનમાં લેશે નહિ.

(૨) આ કાયદાની કલમ–૧૩૮ (૩) હેઠળ ઉત્પન્ન થતા, ફરિયાદીના કારણથી એક મહીનામાં આવી ફરીયાદ ન્યાયાલયમાં કરવામાં આવી ન હોય, "જોગવાઈ કરવામાં આવી છે કે, ફરીયાદની નોંધ અદાલત કવારા નક્કી કરેલ સમય પછી પણ લઈ શકાશે. જો ફરિયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરીયાદ ન કરવા માટે તેને પુરતું કારણ હતું."

(૩) આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે રાજા પાત્ર કોઈ પણ ગુનાની ટ્રાય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કે ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સિવાયના દરજજાથી નીચેના કોઈપણ દરજ્જાની અદાલત પગલા લઈ શકશે નહિ.

(૪) પરત થયેલ ચેક માટે એક જ વખત ગુનાની કોગ્નીઝન્સ લઈ શકાય. પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય

તો પણ પાવર ઓફ એટની ધારક કુલમુખત્યાર ઉપર ફરીયાદ કરી શકાય. અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામું આપનાર સામે ફરીયાદ થઈ શકે. આમ, ધી નેગોશીયેલલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ નો ચુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

(૫) નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ પી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ –૧૩૮ અન્વયે આરોપીને દોષિત કરાવી શકાય.

**(૧૧)** જો ફરિયાદી ઉપરોકત તમામ આવશ્યક તત્વો પુરવાર કરવામાં સફળ નિવડતા હોય ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરિયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮(એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વિરુધ્ધની તકીકત સાબીત ન થાય ત્યાં સુધી – અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરિયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બંને જોગવાઈમાં "વિરુધ્ધનું સાબીત ના થાય તો" તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બંને અનુમાનો ખંડીત થઈ શકે તે પ્રકારેના

અનુમાનો છે. વિરુધ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવુ અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

(૧૨) ઉપરોકત જોગવાઈઓ મુજબ ફરીયાદ પક્ષે એ ફકીકત પ્રસ્થાપિત કરવાની છે કે ચેક લખ્યાની તારીખથી ત્રણ માસ (પહેલા ૫ માસ) અથવા ચોક્કસ સમય મર્યાદામાં એ બેમાંથી જે વહેલું હોય તે મુદતમાં તેણે રજૂ કર્યો હતો. આ ચેક પોતાના ખાતામાં ભર્યેથી અને પરત આવ્યેથી ૩૦ દિવસમાં તેણે ચેક લખનારને નોટિસ આપી હતી અને આવી નોટિસ બજવા છતાં પંદર દિવસમાં રકમ ચુકવવામાં ચેક લખનાર નિષ્ફળ ગયા બાદ ૩૦ દિવસમાં ફરિયાદીએ ફરીયાદ દાખલ કરેલ હતી. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત કરવું પડે કે આવો ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા લખેલ હતો. જે અનુસંધાને ફરીયાદ પક્ષ તરફથી રજૂ થયેલ પુરાવો જોવામાં આવે તો ફરિયાદીએ આ કામે આંક-૯ થી ચેક રજૂ કરેલ છે જે ચેકમાં તા.૦૪/૦૧/૨૦૨૪ લખેલ છે તેમજ જે ચેક ફરિયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતા બેન્કના રીટર્ન મેમા આંક-૧૦ થી રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદીએ નિયત સમયમાં ચેક રજૂ કર્યો હતો અને ચેક પરત આવ્યેથી તેઓએ તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજ નોટિસ આપેલી છે જે આંક-૧૧ થી રજૂ નોટિસથી ફલિત થાય છે. આ નોટિસની રજિ. એ.ડીની રીસીપ્ટ આંક-૧૨ થી રજૂ છે. જે તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજની હોવાનું જણાઈ આવે છે. તેમજ નોટીસ આરોપીને બજી ગયેલ જે અંગેની પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ રજુ થયેલ છે. તેમજ પોસ્ટ વિભાગનુ ઓનલાઈન ટ્રેક કન્સાઈન્ટમેન્ટ રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ નોટીસ આરોપીને બજી ગયેલ હોવાનુ જણાઇ આવે છે જે આંક-૧૪ થી રજુ કરેલ છે. પરંતુ આ નોટિસ મળ્યા પછી આરોપીએ ૧૫ દિવસમાં ફરિયાદીને કોઈ ચુકવણી કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. આ કામે ફરીયાદ તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ દાખલ થયેલ છે. એટલે કે નોટિસની

તારીખથી ૧૫ દિવસમાં પૈસાની ચુકવણી ન થતાં, ત્યારબાદના એક માસ બાદ ફરીયાદ દાખલ છે અને તેથી હાલની ફરીયાદ મુદતમાં દાખલ કરેલ છે. આમ, પુરાવા જોતાં હાલની ફરીયાદને કોઈ યાંત્રિક ખામીનો બાધ નડતો નથી પરંતુ સાથે સાથે કાયદાથી નિયત કરેલા સિદ્ધાંતો મુજબ ફરિયાદીએ પ્રથમ કાયદાકીય અનુમાન અને ત્યારબાદ જો આરોપી રીબર્ટલ પુરાવો આપે તો વાજબી શંકાથી પર એ પણ પ્રસ્થાપિત કરવાનું છે કે, હાલનો ચેક તેની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપવામાં આવ્યો હતો અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ હાલની ફરીયાદને કોઈ બાધ નડતો નથી.

(૧૩) હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલા તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને વિગતે ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે. હાલના કામે ફરીયાદપક્ષ તરફે તેની ફરીયાદ આંક-૦૧ ના સમર્થનમાં ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું આંક-૦૫ થી રજૂ થયેલ છે. તે સોગંદનામું વંચાણે લઈએ તો તેમાં ફરિયાદીએ તેની ફરીયાદ આંક-૦૧ મુજબની હકીકત જણાવેલ છે. તેથી ફરી વાર તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી. આ કામે ફરિયાદપક્ષ તકે રજૂ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આંક-૯ થી અસલ ચેક રજૂ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સહી કરેલ છે. આ ચેકમાં આરોપીની સહી નથી તેવી આરોપી તરફે બચાવ તકારર નથી. રજૂ અસલ ચેક અંગે આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી કે કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. આથી રજૂ અસલ ચેક યોગ્ય કસ્ટડીમાંથી રજૂ થયેલ દસ્તાવેજ હોવાનું માનવાનું કારણ થાય છે તેમજ ફરિયાદીની સોગંદ ઉપરની હકીકતોથી સમર્થન મળતું હોય, તેને ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી. આ કામે ફરિયાદ પણ તરફે આંક-૧૦ થી અસલ બેન્ક રિટર્ન મેમો, આંક-૧૧ થી ફરિયાદીએ આરોપીને વિદ્વાન વકીલશ્રી મારફતે મોકલાવેલ નોટિસ,આંક-૧૨ થી રજિસ્ટર એ.ડી. રિસીટ, આંક-૧૩ થી નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ તથા આંક-૧૪ થી

પોસ્ટ વિભાગનુ ઓનલાઇન ટ્રેક કન્સાઇનમેન્ટ રજૂ કરવામાં આવેલ છે. વધુમાં આ દસ્તાવેજોને ફરિયાદીના સરતપાસ સોગંદનામાં હેઠળ સમર્થન મળે છે અને ફરિયાદીના પુરાવાનું પણ આરોપીપક્ષે ખંડન થયેલ નથી અને તેથી આ દસ્તાવેજી પુરાવાઓને ન માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું નથી.

(૧૪) વધુમાં, આ કામના આરોપીને વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં આરોપી હાજર રહેતા ન હોય, આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૨૯થી આરોપીનો ફરિયાદીની ઊલટતપાસ લેવાનું સ્ટેજ બંધ કરવા અંગેની અરજી રજૂ થયેલ, જે અરજી અત્રેની કોર્ટ દ્વારા તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મંજૂર કરવામાં આવેલ અને આરોપીપક્ષનો ફરિયાદીની ઊલટતપાસ લેવાનું સ્ટેજ બંધ કરવામાં આવેલ છે. જેથી આ કામે આરોપીપક્ષ દ્વારા ફરિયાદીની ઊલટતપાસ થયેલ નથી. આમ, ફરિયાદીએ તેઓની સરતપાસમાં જણાવેલ હકીકતોનું આરોપીપક્ષ દ્વારા ફરિયાદીની ઊલટતપાસ લઈ ખંડન થયેલ નથી. જેથી ફરિયાદીએ તેઓની સરતપાસમાં જણાવેલ હકીકતો ન માનવાનું કોઈ કારણ નથી. આમ, આ કામે રજૂ થયેલા બન્ને ચેક આરોપીના ખાતાના છે અને તેના પર આરોપીની સહી છે ત્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ સાથે વાંચતા કલમ–૧૩૯ મુજબ એવું અનુમાન કરવાનું રહે છે કે આ ચેક કાયદેસરના લેણા પેટેના છે અને તે બાબતનું ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલો છે. તદુપરાંત હાલના કામે ફરિયાદી દ્વારા આપવામાં આવેલ આંક–૧૧ની નોટિસનો આરોપીએ કોઈ જવાબ આપી પોતાનો બચાવ કરેલ નથી.

(૧૫) વધુમાં નેગોશિયેબલ ઈસ્ટ્રુમેન્ટ એક્ટની હેઠળના કેસોમાં આરોપી પર પુરાવાનું ભારણ સંભવિતતાની સમતુલાનું છે અને તેનો અર્થ એવો થાય છે કે, આરોપીએ એવો બચાવ રજૂ કરવો જોઈએ કે જે સંભવિત હોય અને તેવી બાબત સામાન્ય બુદ્ધિમતા ધરાવતા માણસ દ્વારા માની શકાય. હવે, આ અનુસંધાને રેકર્ડ પરના પુરાવો જોવામાં આવે તો એ હકીકત જણાઈ આવે છે કે, સદરહુ કામે

આરોપી દ્વારા હાજર રહી બચાવ લીધેલ નથી. આમ, સદરહુ કામે રજૂ થયેલ આંક-૯ વાળા ચેકની રકમ એટલે કે રૂા.૩,૩૮,૪૮૦/- ફરિયાદીએ તેઓના કહેવા મુજબ આરોપીને આપેલ હોવા બાબતે કોઈ શંકાને સ્થાન રહેલ હોઈ તેમ માની શકાય નહિ. આમ, આ કામે આરોપી દ્વારા કાયદા મુજબના અનુમાનોનું ખંડન થયેલ નથી.

(૧૬) આમ, રેકર્ડ પરના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતાં જણાઈ આવે છે કે, આ કામે રજૂ થયેલ આંક-૯ વાળા વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતાના છે તેમાં આરોપીની સહી છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જે હકીકત જોતાં નિઃશંકપણે આ કામના આરોપીએ કાયદેસરના લેણાના નાણાં પેટે ફરિયાદીને ચેક આપેલ હોવાનું પ્રસ્થાપિત થઈ જાય છે. આમ, આ કામે રજૂ થયેલ આંક-૯ વાળા વાદગ્રસ્ત ચેક તે આરોપીના ખાતાના છે તેમાં આરોપીની સહી છે જે ચેક આરોપીના ખાતામાં જતાં પરત ફરેલ છે જેની જાણ આરોપીને છે તેમ છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી ફરિયાદીનાઓ વિરુદ્ધ કરેલ નથી. જે મુજબ નિ:શંકપણે ફરિયાદીને આપેલ ચેક તે કાયદેસરના લેણાં નાણાં પેટેનો છે. તે હકીકત પ્રસ્થાપિત કરવામાં ફરિયાદી સફળ રહેલ છે. તેમ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૧૭) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે આરોપીએ પોતાનો બચાવ રેકર્ડ પર લાવવા કોઈ પુરાવા રજૂ કરેલ નથી કે ફરિયાદીની ઊલટતપાસ કરવામાં આવેલ નથી. તેમજ રેકર્ડ જોતાં ત્યારબાદ સદર કામ આરોપીને ફરિયાદીની ઊલટતપાસ કરવા માટે રાખવામાં આવેલ છે પરંતુ ઘણી મુદ્દતો અને પુરતો સમય અને પુરતી તક આપવા છતાં આરોપી તરફે કોઈ વિદ્વાન વકીલશ્રી કે આરોપી ખુદ હાજર થયેલ નથી કે કોઈ રજૂઆત કે રીપોર્ટ રજૂ કરવામાં આવેલ નથી. જેથી આરોપી દ્વારા ફરિયાદીની ઊલટતપાસ કરવાનું સ્ટેજ બંધ કરવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ સદર કામ આરોપીના વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપી કે તેમના વિદ્વાન વકીલશ્રી હાજર થયેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનું સ્ટેજ બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર

કામ આરોપી તરફે દલીલો કરવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપી કે તેમના વિદ્ધાન વકીલશ્રી અત્રેની અદાલતમાં હાજર રહેતા ન હોઈ કે કોઈ રિપોર્ટ કે રજૂઆત કરતા ન હોઈ આરોપીનું દલીલો કરવાનું સ્ટેજ પણ બંધ કરવામાં આવેલ છે. આમ, સદર કામે આરોપી કે તેમના વિદ્ધાન વકીલશ્રી અત્રેની અદાલતમાં ઘણી મુદ્દતોથી હાજર રહેતા ન હોઈ તેમજ તેઓ તરફે કોઈ રિપોર્ટ કે રજૂઆત કરવામાં આવેલ ન હોઈ, ફરિયાદીની ફરિયાદ મુજબની તમામ હકીકત સત્ય છે તેવી હકીકત રેકર્ડ પર ફલિત થાય છે. વધુમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી દ્ધારા પોતાના બચાવો રજૂ કરી પુરવાર કરવા કે ફરિયાદીની હકીકતોનું કોઈ ખંડન કરવાના કોઈ સક્રિય પ્રયત્નો કરવામાં આવેલ નથી, જેમ કે, તેઓનું કોઈ લેણું નથી કે તેઓએ તે લેણાં પેટે કોઈ ચેકો આપેલ નથી કે ચેકોમાં તેઓની સહી નથી કે ચેકો પરત ફરેલ નથી કે તેઓને નોટિસ મળેલ નથી કે તેઓએ નોટિસનો યોગ્ય ખુલાસો કરેલ છે કે ફરિયાદીએ ખોટી ફરિયાદ કરેલ છે. આરોપીએ ફરિયાદીની નોટિસનો કોઈ જવાબ આપેલ નથી તેમજ સદર કામે આરોપીનું વિશેષ નિવેદન પણ આરોપી હાજર રહેતા ન હોય નોંધાયેલ નથી. આમ, ઉપરોક્ત તમામ સંજોગોમાં આરોપીનો કોઈ બચાવ રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી. આમ, સમગ્ર ચર્ચા કર્યા મુજબ ફરિયાદીએ પોતાનો કેસ રજૂ પુરાવાથી પુરવાર કરેલ છે અને તેથી તેઓની ફરિયાદ પુરવાર થતી હોય આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરવી જોઈએ તેવું આ અદાલતનું માનવું છે. આરોપીએ ફરિયાદીને કોઈ રકમ ચુકવી આપેલ નથી અને ફરિયાદીને પોતાના નાણાં મેળવવા દોઢ વર્ષ ઉપરાંતના સમય સુધી કાર્યવાહી ચલાવવી પડેલ છે, જેનો કોઈ લાભ આરોપીને આપવો જોઈએ તેવું વાજબી જણાઈ આવતું નથી.

(૧૮) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્ધારા આપવામાં આવેલ *Special Criminal Application (Quashing) No. 9113 Of 2016 (Ishwarbhai Hirabhai Chunara & 1 Vs. State of Gujarat & 1, Dated 22.02.2017* તથા નામદાર કેરાલા હાઈકોર્ટ *2009 (1)*

*Bankmann 226 (Kerala H.C.) (Jain babu Vs. Joseph)*ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીની ગેરહાજરીમાં આખરી ચુકાદો જાહેર કરી શકાય અને આમ કરવામાં આવ્યાથી ફોજદારી કાર્યવાહી વીશીયેટ થતી નથી. તદુપરાંત આરોપી વિરુદ્ધનો આક્ષેપ તે સમન્સ ટ્રાયેબલ ગુનાનો હોઈ સમન્સ ટ્રાયેબલ કેસમાં આરોપીને સાંભળવા જરૂરી ન હોઈ, સજા અંગે સાંભળવાની જોગવાઈ તે કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબની હોઈ, જે આરોપી ગેરહાજર રહી કાયદાકીય પ્રક્રિયાને ટાળવા પ્રયત્ન કરતા હોય તેવા આરોપી માટે કુદરતી ન્યાયના સિદ્ધાંતનો અમલ કરવા માટે બાકી રાખવું હિતાવહ કે ન્યાયી જણાતું નથી અને તેથી આરોપી વિરુદ્ધ એન.આઈ.એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પુરવાર થયેલ હોય, ફરિયાદપક્ષે પોતાનો આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય, જેથી ઉપરોકત ચુકાદાઓ અનુસાર મુદ્દા નં.૧નો જવાબ "હકારમાં" ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## //આખરી હુકમ//

૧. આ કામના આરોપી અફઝલ અબ્બાસભાઇ શેખ, રહે.જુની પોસ્ટ ઓફીસ ચોક, ઠાકર ચાની બાજુમાં, અમન રોડ લાઇન્સ, ધોરાજી, જિ.રાજકોટનાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે કસુરવાર ઠરાવવામાં આવે છે અને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ–૨૫૫(૨) તથા ૩૫૩ અન્વયે ૦૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આ કામના આરોપીને રૂા.૩,૩૮,૪૮૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ આડત્રીસ હજાર ચારસો એંસી પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે. જેમાંથી ફરિયાદીને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ–૩૫૭(૩) મુજબ રિટર્ન થયેલ ચેકની રકમ રૂા.૩,૩૮,૪૮૦/–

(અંકે રૂપિયા ત્રણ લાખ આડત્રીસ હજાર ચારસો એંસી પુરા) વળતરરૂપે ચુકવી આપવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૩. આરોપીના અગાઉ આપવામાં આવેલ બેઈલ બોન્ડ આથી રદ જાહેર કરવામાં આવે છે.

૪. આરોપી આજરોજ હાજર રહેલા ન હોય આરોપી વિરુદ્ધ સજા માટે ફરતું નોન બેઈલેબલ વોરંટ ઈસ્યુ કરવા તથા હાજર થયેથી અથવા હાજર કરવામાં આવ્યેથી હુકમની એક નકલ આરોપીને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ–૩૬૩ અન્વયે વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૫, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૫/૦૪/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
જ્યુડી. મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ઉપલેટા.
UIC-GJ01515.

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.